


તાજેતરમાં ચીનનું ડીપસીક (DeepSeek) બજારમાં આવ્યું! ડીપસીક એટલે ચીનનું પોતાનું 'ChatGPT' જે સતત સમાચારમાં છે. તે કેટલું કોમ્પિટ કરી શકશે એ તો ભવિષ્યમાં જ ખબર પડશે પરંતુ ચીનના ચેટ બોટ ડીપસીકે એક અમેરિકન કંપની અને તેના માલિકની ઊંઘ હરામ કરી નાખી છે કારણ કે ચેટ બોટ ડીપસીકે એક દિવસમાં આ માલિકને 600 બિલિયન ડોલરનો ફટકો પાડ્યો હતો! ભારતીય ચલણમાં તે આશરે 50 લાખ કરોડ રૂપિયા જેટલી રકમ થાય છે. આ કંપનીનું નામ છે NVIDIA, જે આજે વિશ્વમાં આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સની બેકબોન કહેવાય છે. તેના માલિક છે જેન્સન હુઆંગ, જે આજકાલ ટેક જગતના નવા પોસ્ટર બોય છે.

ડીપસીકે તેમના પોસ્ટરમાં મોટું કાણું પડી દીધું છે. વૈશ્વિક ચેટ બોટ માર્કેટનો 80% હિસ્સો ધરાવતી NVIDIAનું બજાર મૂલ્ય એક દિવસમાં ઘટીને 2.90 ટ્રિલિયન રૂપિયા થઈ ગયું છે. આ ચીની ચેટબોટે રાતોરાત અમેરિકન દિગ્ગજ કંપનીના દાંત ખાટા કરી નાખ્યા છે. નવાઈની વાત તો એ છે કે તે પોતે ચીની ચેટબોટ NVIDIAના GPUથી જ બનેલું છે!

દુનિયામાં ભલભલાને ગભરાવી મૂકીને અસ્તિત્વમાં આવેલાં AIની જનેતા NVIDIAને ગભરાવનારી

# AI યુદ્ધ - અંકલસેમને ડ્રેગનનો પડકાર!

**વિકલ્પ**
★ દીપક આશર

ચીનના ચેટ બોટ ડીપસીક વિશે થોડું જાણીએ. ડીપસીકના સ્થાપક લિયાંગ વેનફેંગ છે, જે એક પ્રખ્યાત AI નિષ્ણાત છે. તેમણે 2023માં ડીપસીક શરૂ કરી હતી. USની કંપનીઓ તેમના મોડેલોને તાલીમ આપવા માટે NVIDIA H100 ટેન્સર કોર GPUનો ઉપયોગ કરે છે, ત્યારે ચીનની ડીપસીક પ્રમાણમાં જૂના અને નબળા H800 (GPU) મોડેલ પર ચાલે છે. આ મોડેલ 2021નું છે, જ્યારે ChatGPT તેના ડેવલપર્સ

**AI ક્ષેત્રે પણ ચીને અમેરિકાને ચેલેન્જ આપી દીધી! બજારમાં આવેલી ચીની ચેટબોટ ડીપસીકે અમેરિકન કંપનીને આવતાંની સાથે 50 લાખ કરોડ રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું હતું!!**




વર્ઝનમાં હતું. ફોર્બ્સ અનુસાર, લિયાંગ વેનફેંગે આ જૂના મોડેલના લગભગ 50 હજાર GPU ખરીદ્યા હતા અને તેને કાર્યરત કર્યા હતા.

જો કે, આજે દુનિયા સામે જે પ્રોડક્ટ ઉભરીને આવ્યું છે તે ChatGPT જેટલું જ શક્તિશાળી છે. ડીપસીક એક સમયે 1 લાખ 28 હજાર ટોકન (જવાબો) જનરેટ કરી શકે છે. મતલબ, જો તમે તેની સાથે વાત કરવાનું શરૂ કરો તો ભલે તમે થાકી જાઓ, તે થાકશે નહીં! ChatGPTનું લેટેસ્ટ વર્ઝન પણ આટલી સંખ્યામાં ટોકન્સ જનરેટ કરી શકે છે પરંતુ તેની કિંમત ડીપસીક કરતાં ઘણી વધારે છે.

જો તમે તમારા સિસ્ટમમાં ડીપસીક ઈન્સ્ટોલ કરવા માગતાં હો તો તમારે 10 લાખ ઈનપુટ માટે ફક્ત 0.14 ડોલર (રૂ. 12) અને આઉટપુટ માટે 0.28 ડોલર (રૂ. 24) ખર્ચ કરવો પડશે. જ્યારે ChatGPTમાં આટલા જ કાર્ય માટે દરેક ઈનપુટ માટે 86 પૈસા વસૂલવામાં આવે છે એટલે કે 10 લાખ ઈનપુટ પર 12 લાખ રૂપિયાનો ખર્ચ.

આવી સ્થિતિમાં ડીપસીક આગામી સમયમાં ભયાનક રીતે કોમ્પિટ કરશે એ નક્કી છે. આ કારણે ઘણી ચીની કંપનીઓ, જેમ કે બાઈટડાન્સ, ટેન્સેન્ટ, બાયડુ અને અલીબાબાને તેમના ચેટ બોટ્સની કિંમતો ઓછી રાખવી પડી છે. જો કે, ડીપસીકની વાસ્તવિક કસોટી હજુ બાકી છે. લેટેસ્ટ અપડેટ એ છે કે કંપનીએ નવા લોગિન બંધ કરી દીધા છે. સાયબર હુમલો થયો છે.

અમેરિકામાં AIના ક્ષેત્રે મોટા પાયે રોકાણ આવી રહ્યું છે. ગયા સપ્તાહમાં ઓપન AIએ AIના માળખા પાછળ 500 અબજ ડોલર ખર્ચવાની જાહેરાત કરી હતી. અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળતા જ જાહેરાત કરી હતી કે ભવિષ્યની ટેક્નોલોજી અમેરિકાના હાથમાં જ રહે તે માટે તેઓ કામ કરશે. ડીપસીક ઓપનસોર્સ ડીપસીક - વી3 મોડલ પર કામ કરે છે. અમેરિકા ચીનમાં AIમાં મદદરૂપ બને તેવી એડવાન્સ્ડ ચિપ ટેક્નોલોજીના વેચાણ પર નિયંત્રણ લાદી રહ્યું છે. હવે આ લડાઈ અમેરિકા અને ચીન વચ્ચે AIને લઈને થવાની છે, એ નક્કી છે.

આ કંપનીએ હવે AIના ક્ષેત્રે અમેરિકાના પ્રભુત્વ સામે પડકાર ફેંક્યો છે. 40 વર્ષીય લિયાંગ વેનફેંગ નામના એન્જિનિયરે તેની સ્થાપના કરી છે જેઓ પોતે ઈન્ફર્મેશન અને ઇલેક્ટ્રોનિક્સના વિદ્યાર્થી હતા. લિયાંગે અમેરિકાની એનવીડિયાએ 100 ચિપ્સનો ઉપયોગ કરીને સ્ટોર બનાવ્યો હોવાનું કહેવાય છે. હાલમાં આ ચિપ્સની ચીનમાં નિકાસ કરવા પર પ્રતિબંધ છે. એક્સપર્ટ્સ માને છે કે આવી 50,000 ચિપ્સની મદદથી લિયાંગે ડીપસીક લૉન્ચ કરી હોવાની શક્યતા છે.

એપલના એપ સ્ટોર પરથી ડીપસીકની AI એપ ડાઉનલોડ કરી શકાય છે. તેને વેબસાઈટ પરથી ઑનલાઈન પણ મેળવી શકાય છે. ડીપસીકની સર્વિસ ફ્રી છે. નવાઈની વાત તો એ છે કે, હવે એપલ સ્ટોરમાં તે સૌથી વધુ ડાઉનલોડ કરવામાં આવેલી એપ બની ગઈ છે. જે રીતે ChatGPT AI આધારિત સપોર્ટ પૂરો પાડે છે તેવી જ રીતે ડીપસીક પણ કામ કરે છે. એપ સ્ટોર પર તેના માટે લખવામાં આવ્યું છે કે આ એપ તમારા સવાલોના જવાબ આપે છે અને તમને કાર્યક્ષમ રીતે જીવવામાં મદદ કરે છે.

ડીપસીક માટે હાલ યૂઝર્સના અલગ અલગ રિવ્યૂ આવી રહ્યા છે. કોઈ તેને વખાણી રહ્યું છે તો કોઈ તેમાં વાંધાવચકા કાઢી રહ્યું છે. હા, એ વાત પાક્કી છે કે તેના ડિઝાઈનરોએ એપને ડિપ્લોમેટિક જવાબો આપવા ટ્રેઈન કરેલી છે. કોઈ વિવાદિત બાબત પૂછવામાં આવે ત્યારે ડીપસીક જવાબ આપે છે કે - હું આ સવાલનો જવાબ આપી શકું તેમ નથી. હું AI આસિસ્ટન્ટ છું જે ઉપયોગી અને બિનજોખમી જવાબો આપવા માટે ડિઝાઈન કરાયું છે.

આગળ જણાવ્યું તેમ NVIDIA જેવી કંપનીઓ માટે ડીપસીક એક મોટી હરીફ બની શકે છે. NVIDIAની તુલનામાં લાખો કરોડો ડોલરના ઓછા ખર્ચે ડીપસીક એપ તૈયાર થઈ છે. તેથી ભવિષ્યમાં અમેરિકા AIના ક્ષેત્રે ક્યાં સુધી પ્રભાવશાળી રહી શકશે તે સવાલ છે. ગત અઠવાડિયે ડીપસીકના કારણે જ એવો ભય ફેલાયો કે નાસ્ડેક ઈન્ડેક્સ 3% કરતાં વધુ તૂટ્યો હતો! દુનિયાભરની ચિપ ઉત્પાદક અન ડેટા સેન્ટર કંપનીઓના શેર ધડામ દઈને નીચે પડ્યા હતા. ડીપસીકના કારણે સૌથી વધુ ખતરો કોઈને હોય તો તે અમેરિકાની NVIDIAને છે. NVIDIAની માર્કેટ વેલ્યૂમાં લગભગ 600 અબજ ડોલરનું ધોવાણ થયું હતું. અમેરિકાના શેરબજારના ઈતિહાસમાં કોઈ પણ એક કંપનીએ એક જ દિવસની અંદર આટલી બધી વેલ્યુ ગુમાવી હોય તેવું પહેલી વખત બન્યું છે.